ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૨ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં નવું નજરાણું : પ્રાકૃતિક પેદાશોનો સ્ટોર

સેકટર-૨૧ના શાકમાર્કેટ ખાતે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની કૃષિ પેદાશોને ગ્રાહકો સુધી પહોંચાડવાના અભિનવ અભિગમનો ગાંધીનગરથી પ્રારંભ

ગાંધીનગર, તા.૨૪

પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહન મળે અને ઉપભોગતાઓ શુધ્ધ અને રાસાયણિક તત્વો રહિત ખેતી ઉત્પાદનોનો લાભ લઈ શકે તે માટે ગાંધીનગરના સેકટર-૨૧ માર્કેટમાં ગુજરાત રાજયનું પ્રથમ પ્રાકૃતિક કૃષિ ખેતી ઉત્પાદન કેન્દ્ર શરૂ થયું છે. જેમાં ગાયના ગોબરમાંથી બનેલી ચીજવસ્તુઓ ઉપરાંત કેમિકલ ફ્રી વસ્તુઓ મળી રહી છે. રાજયપાલના હસ્તે આ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

રાજયમાં સરકારી ચોપડે બે લાખ ખેડૂતો દ્વારા ગાય આધારીત પ્રાકૃતિક ખેતી કરવામાં આવી રહી છે. આ ખેતીમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવામાં આવતો નથી. માત્ર ગાયના ગોબર અને મુત્રમાંથી જ ખાતર તૈયાર કરવામાં આવે છે અને તેનો કૃષિ પાકોમાં છંટકાવ કરવામાં આવે છે. આ પધ્ધતિ તદ્દન પ્રાકૃતિક છે. જેના દ્વારા ઉત્પાદીત ખેતપેદાશોના સેવનથી આરોગ્યને નુકશાન થતું નથી. રાજયના ખેડૂતો દ્વારા પકવવામાં આવતા આ પ્રકારના ખેતપેદાશોને માર્કેટ મળી રહે અને નાગરિકોને પણ શુધ્ધ અને સાત્વિક ખેતપેદાશો અને તેના ઉત્પાદનોનો લાભ મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા સે-૨૧માં પ્રાકૃતિક કૃષિ ખેતી ઉત્પાદન વેચાણ કેન્દ્ર માટે જગ્યા ફાળવવામાં આવી હતી. જેના ઉદઘાટનને માત્ર એક મહિનો થયો છે.

આ કેન્દ્રમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા તૈયાર કરવામાં આવેલ ખેતપેદાશો ઉપરાંત તેની બનાવટની ચીજવસ્તુઓનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. જેમાં તમામ પ્રકારના કઠોળ, અનાજ, પાપડ, અથાણા, જયુસ, ગોળ, મધ, કાચીઘાણીનું તેલ, દાળ, ફળ, શાકભાજી, તેલીબીયાં, ગોળનો પાવડર અને પ્રાકૃતિક ખેત પેદાશોની મુલ્યવર્ધિત ખાદ્ય વસ્તુઓ મળી રહી છે. જેમાં હોમસર્વિસ પણ ઉપલબ્ધ છે.

પ્રાકૃતિક ઉત્પાદન વેચાણ કેન્દ્રમાં ગોનાઈલ મળે છે જે ગૌઅર્ક દ્વારા બનાવવામાં આવે છે. જેનો ઉપયોગ ઘરમાં પોતું મારવા માટે કરવામાં આવે છે. મૈસુરથી મંગાવેલી પોસિટીવ મિલેટસ જે વેટલોસ માટે તથા ડાયાબિટિઝના દર્દી માટે ખૂબ જ ઉપયોગી છે. લુપ્ત થતી પ્રજાતિના બિયારણ જેમાં મોગરી, નાના ભીંડા, દેશી પપૈયા, અલગ અલગ ફુલના બિયારણો, દેશી બિયારણો મળી રહ્યા છે જે ૨૦ રૂપિયાની કિંમતે મળે છે. ઘઉંમાં ખપલી ઘઉં અને કાળા ઘઉં મળે છે. જેમાં ગ્લૂટેનની માત્રા બિલકુલ નહિવત પ્રમાણમાં છે. એલોવેરા જયુસ, દેશી કમલમ ફ્રૂટ, બીજોરું-કેન્ડી ફોર્મમાં મળે છે. જેથી નાગરિકો તેને ખાઈ શકે છે. ઉપરાંત કરકયુમિમ જેમાં ૬થી ૭ ટકા હળદર આવે છે. જેનો રંગ પણ હળદર કરતા ઘાટો જોવા મળે છે. ત્યારબાદ મુખવાસ જેમાં ૧૮ પ્રકારની ઔષધિનું મિશ્રણ કરીને મુકવાસ તૈયાર કરાયા છે. દીવડા, ધૂપસ્ટીક, કાઉડન પાઉડર, ગળો, હર્બલ ટી, કવચ મળે છે. હર્બલ ટીમાં ચા નથી આવતી તેમાં ૧૮ પ્રકારની ઔષધિ ઉમેરવામાં આવે છે. આ હર્બલ ટી થકાન દૂર કરે છે. ટેન્શન દૂર કરે છે તથા બ્લડ પ્રેશરના દર્દીઓ માટે ઉપયોગી છે.

હિમાલયના પથ્થરોમાંથી બનાવેલ મીઠું જેને હિમાલિયા સોલ્ટ કહેવામાં આવે છે. આ મીઠું સૌથી બેસ્ટ માનવામાં આવે છે. આ સિવાય સીંધવ મીઠું અને બ્લેક મીઠું મળી રહ્યું છે જે હેલ્થ માટે ફાયદાકારક ગણાય છે. બન્સી ઘઉંના ખાખરા જેમાં ગ્લુટેનનું પ્રમાણ ઓછું હોય છે. કાચી ઘાણીનું તેલ જે માર્કેટ ભાવ કરતા ઓછા ભાવમાં વેચવામાં આવે છે. આ ઉપરાંત ઘણી બધી ચીજવસ્તુઓ ઉપલબ્ધ છે.

આ તમામ ચીજવસ્તુઓને હવાચુસ્ત પેકિંગ કરીને વેચવામાં આવી રહી છે. જેથી કોઈ પણ વસ્તુમાં જીવાણુ પેદા થવાની સંભાવના રહેતી નથી. આ પ્રાકૃતિક ઉત્પાદન વેચાણ કેન્દ્રનો લાભ શહેરીજનો કરી રહ્યા છે. દુકાનદારોના જણાવ્યા મુજબ જે ગ્રાહકો ચીજવસ્તુઓની ખરીદી કરી રહ્યા છે તેઓ અવશ્ય બીજી વખત ખરીદી કરવા માટે આવે છે અને તેઓને તમામ ચીજવસ્તુઓનો સારો ફાયદો પણ મળી રહ્યો છે.

અહીં શું શું મળે છે ?

અનાજ : બંસી ઘઉં, કાળા ઘઉં, ખપલી ઘઉં, સોનેરી ટુકડા ઘઉં, ભાલીયા ઘઉં, મકાઈ
કઠોળ : સોયાબીન, રાજમા, મગ, છોલે ચણા, ચોળી, દેશી ચણા
દાળ : તુવેર દાળ, મસુર દાળ, મિક્સ દાળ, અડદ દાળ, મોગર દાળ, ચણા દાળ
ધાન્ય : જુવાર, રાગી
ફળ : કેળા, પપૈયા
શાકભાજી : તમામ શાકભાજી
અન્ય ચીજવસ્તુ : વરીયાળી, અળસી, હિમાલયન મીઠું, સિંધાલૂણ, રેશમપટ્ટી અને કાશ્મીરી મરચું પાવડર, હળદર, ધાણાજીરું, મેથી, સૂંઠ, જીરું, ગોળ પાવડર, ગોળ, ખાખરા, પાપડ, મધ, ધૂપ, દીવડા, બિયારણ, કોપર પટ્ટી, તમામ લોટ,

જન્મદિને વધામણી

ગૌતમ પુરોહિત
સિનિયર પત્રકાર
મો. ૯૯૦૯૯ ૧૦૭૧૮

અભિષેક બીપીનભાઈ વ્યાસ
રાંધેજાવાળા, (ઓસ્ટ્રેલિયા)

સ્નેહા પોપટ ચક્રવર્તી

કેતુલ દિનેશભાઈ ઠાકોર
મો. ૯૯૭૮૫ ૨૫૭૭૩

જૈન રાષ્ટ્રસંત પૂ.પદ્મસાગર સૂરિશ્વર મ.સા. કમલાપૂંજના અતિથિ બન્યા

કમલાપૂંજ ટ્રસ્ટની પ્રવૃત્તિઓથી આચાર્ય પ્રભાવિત થયાં : ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, ટ્રસ્ટી અંબુસિંહ ગોલ સહિત અગ્રણીઓએ આશિર્વાદ મેળવ્યાં

ગાંધીનગર, તા.૨૪

આજ રોજ ગાંધીનગરથી ટીટોડાનાં વિહાર દરમ્યાન રાષ્ટ્રસંત આચાર્ય પૂ.પદ્મસાગર સૂરિશ્વર મહારાજ સાહેબ, ગણિવર્ય પૂ. પ્રશાંતસાગર સુરિશ્વર મ.સા.એ વાવોલ સ્થિત કમલાપુંજ ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે રોકાણ કર્યુ હતું. આ પ્રસંગે ગાંધીનગરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, કમલાપુંજ ટ્રસ્ટનાં ટ્રસ્ટી અંબુસિંહ ગોલ વગેરેએ આચાર્ય સહિત મુનિગણના આશિર્વાદ મેળવ્યાં હતાં.

વાવોલના પુન્દ્રાસણ રોડ પરના કમલાપુંજ ટ્રસ્ટની સેવાકિય પ્રવૃત્તિ અંગે પૂ.આચાર્ય પૂ.પદ્મસાગર સૂરિશ્વર મહારાજ સાહેબે માહિતી પ્રાપ્ત કરી હતી અને તેનાથી તેઓ પ્રભાવિત થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે કમલાપુંજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી વાવોલ ખાતે અસહાય અને નિરાધાર વડીલો માટે નિઃશુલ્ક ટિફિન સેવા ચલાવવામાં આવી રહી છે. આ સાથે પૂ.આચાર્યએ ઉપસ્થિત અગ્રણીઓ અને ભાવિકોને માંગલિકનું શ્રવણ કરાવ્યું હતું અને કમલાપુંજ ચેરીટેબલ ટ્રસ્ટની સેવાકિય પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ ગોલ પરિવારને આશિર્વાદ આપતાં શુભાશિષ પાઠવી હતી. આ પ્રસંગે ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ અને કમલાપુંજ ટ્રસ્ટનાં ટ્રસ્ટી અંબુસિંહ ગોલે આચાર્યના ચરણોમાં નત મસ્તક થઈને વંદન કર્યા હતા. આ સાથે વાવોલ ગામના જૈન પરિવારો તથા ગાંધીનગર જૈન સમાજના અગ્રણીઓ પ્રતિક શાહ, દિપક શાહ, કૌશિક શાહ, વરુણ શાહ અને ગાંધીનગર જૈન સંઘનાં ટ્રસ્ટના નિરંજન શાહ વગેરેએ પણ હાજર રહી આચાર્યના આશિર્વાદ મેળવ્યાં હતા.

ધોરણ-૩ના વિદ્યાર્થીનું લીટલ ગ્રોન અપ્સ ઈન લાયન્સ ડેન નામનું પુસ્તક પ્રકાશિત થયું

ગાંધીનગર, તા.૨૪

ધોરણ-૩માં અભ્યાસ કરતો વિદ્યાર્થી મીત હાર્દિક ગુમાએ માત્ર આઠ વર્ષની નાની ઉંમરે એક ઈંગ્લિશમાં વાર્તા લખી છે જે પુસ્તકનું નામ લીટલ ગ્રોન અપ્સ ઈન લાયન્સ ડેન છે. આ પુસ્તકનું વિમોચન અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન હોલ ખાતે કરવામાં આવ્યું હતું. આ વાર્તા પુસ્તક ગુજરાતના અતિ પ્રતિષ્ઠિત જમનાદાસ એન્ડ સન્સ પબ્લિશર દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું હતું. શાળા તરફથી ગીરના પ્રવાસમાં બાળકોને લઈગયા હતા. જેમાં આ બાળકે પ્રવાસને યાદ રાખીને વાર્તા સ્વરૂપે આલેખી છે. આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે તેજલ અમીન (નવરચના એજયુકેશન સોસાયટીના ચેરપર્સન), શાળાના અંગ્રેજી શિક્ષણના પ્રિન્સિપાલ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત મુકેશ પટેલ (આંતરરાષ્ટ્રીય ટેકસ કન્સલ્ટન્ટ), સુધીર રાવલ (મીડીયા કર્મી) પણ ઉપસ્થિત રહ્યા હતા.

આવતીકાલે દલિત અધિકાર સંઘ દ્વારા ડૉ. આંબેડકર ભવન ખાતે સંવિધાન દિવસની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

દિલત અધિકાર સંઘ, ગુજરાત, ગાંધીનગરના જિલ્લા/શહેર દ્વારા ડૉ. આંબેડકર ભવન, સેકટર-૧૨ ખાતે ૭૨માં સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવશે. તારીખ ૨૬-૧૧-૧૯૪૯ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકરે ભારતનું સંવિધાન રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. તા. ૨૬મીના રોજ ગાંધીનગરમાં સંવિધાન દિવસની ઉજવણી કરાશે તેથી શહેરના કર્મશીલો/નાગરિકોને હાર્દિક નિમંત્રણ જિલ્લા પ્રમુખ કાંતિભાઈ પરમારે આપ્યું છે.

શહેરમાં સેકટર-૨૮ ગાર્ડન પાસે રીક્ષા ટોળકીએ બે ભાઈને લુંટી લીધા

ત્રણ શખ્સોએ બે ભાઈઓને ફેંટો મારી જે ચીજવસ્તુ હોય તે આપી દેવા જણાવ્યું : ત્રણ પૈકી બે ઝડપાયા, એક ફરાર

ગાંધીનગર, તા.૨૪

શહેરના સેકટર-૨૮ ગાર્ડન પાસે ગતરોજ રાત્રીના સમયે લુંટની ઘટના સામે આવી છે. રીક્ષામાં સવાર બે ભાઈઓને ત્રણ શખ્સોએ ફેંટો મારી અને ગળાના ભાગે બ્લેડ મુકી મારી નાંખવાની ધમકી આપી હતી જયારે ફરીયાદીના ખિસ્સામાંથી પર્સ, રોકડા રૂ. ૧૦,૦૦૦ હજાર તેમજ આધારકાર્ડ અને જરૂરી અગત્યના કાગળો કાઢી લીધા હતા. ત્યારબાદ ચાલુ રીક્ષામાંથી ધક્કો મારી નીચે ફેંકી દીધો હતો. બનાવ અંગે હરેશ મીણાની ફરિયાદ નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના કેસરીયાજી તાલુકાના પરેડા ગામના વતની હરીશ રમેશજી મીણા છેલ્લા ત્રણ વર્ષથી મકરબા ખાતે આવેલ નિર્મણા પાર્ટી પ્લોટની ઓરડીમાં વસવાટ કરે છે અને પાર્ટી પ્લોટમાં મજુરી કામ કરે છે. હરીશ મીણાની સાથે તેનો નાનો ભાઈ ગણેશ પણ મજુરીકામ કરીને પાર્ટી પ્લોટ ખાતે રહે છે. આ નિર્મણા પાર્ટી પ્લોટમાં હરીશના ગામના અને તેના સગા સંબંધીઓ મજુરી કામ કરે છે. છેલ્લા બે ત્રણ દિવસથી હરીશની તબિયત સારી ન હોવાથી બંને ભાઈ વતન જવા માટ નીકળ્યા હતા. ગતરોજ રાત્રીના સમયે પાર્ટી પ્લોટ સામે માર્ગ પર ઉભા રહી વાહનની રાહ જોઈ રહ્યા હતા ત્યારે એક રીક્ષા નં. જીજે ૨૭ એટી ૦૧૫૨ એમની પાસે આવીને ઉભી રહી હતી. રીક્ષામાં બે મુસાફરો અને રીક્ષા ચાલકે નીચે ઉતરીને કયાં જવું છે તેની પુછતાછ કરી હતી. જેથી તેઓએ મોટા ચિલોડા જવાની વાત કરી હતી. રૂ.૨૦૦ ભાડું નકકી કરી રીક્ષામાં પાછળની સીટમાં ગોઠવાઈ ગયા હતા જયારે રીક્ષા ચાલકે ગોતા-વૈષ્ણોદેવી થઈને ગાંધીનગર તરફ રીક્ષા હંકારી હતી. આગળ જઈને રીક્ષા ઉભી રાખી કંઈક વાત કરીને રીક્ષા દોડાવી હતી ત્યારે રાત્રીના ૧૧ વાગ્યાના અરસામાં સેકટર-૨૮ ગાર્ડન પાસે રીક્ષા અંધારામાં ઉભી રાખી હતી. બંને ભાઈઓ કંઈ વિચારે કે સમજે તે પહેલા ત્રણેય જણા રીક્ષામાં પાછળની સીટમાં તુટી પડયા હતા. આ મારામારીમાં હરીશ પાસે રહેલા રૂ. ૧૦હજાર લુંટી લીધા હતા જયારે તેના ભાઈ ગણેશના ગળા પર બ્લેડ મુકીને જે કંઈ પણ દાગીના કે રૂપિયા હોય તે આપી દેવા માટે ધમકી આપી હતી તે સમયે શખ્સોનો સામનો કરી ગણેશ રીક્ષામાંથી કુદી ગયો હતો જેથી હરીશને રીક્ષામાં બેસાડી લુંટારા ભાગ્યા હતા જયારે ગણેશે બુમો પાડતા પાછળ આવતા જ ત્રણેય શખ્સો હરીશને રીક્ષામાંથી બહાર ફેંકી નાસી ગયા હતા ત્યારે કાર ચાલકે આ દેશ્યો નિહાળી હિંમતભેર રીક્ષાનો પીછો કરી આગળ જઈ રીક્ષા પકડી પાડી હતી જયારે સ્થાનિક નાગરિકોએ લુંટારુંઓને મેથીપાક ચખાડી પોલીસને હવાલે કરી દીધા હતા. જયારે એક લુંટારું નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે તેઓના નામ પુછતા વિરાજ ઉર્ફે દુર્લભ દિલાવરસિંહ રાજપુત (રહે. ગણેશ એપાર્ટમેન્ટ નવનીત લાલની ચાલી નરોડા) અને રોહિત બાપુભાઈ કોળી (રહે. રાધાકુંજ સોસાયટી બાપુનગર) હોવાનું જણાવ્યું હતું. જયારે ભાગી ગયેલ શખ્સે વિરાટનગરનો સીતારામ હોવાનું જણાવ્યુ હતું. બનાવની જાણ થતા સે-૨૧ પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને બે લુંટારુંઓને પકડી પાડી હરીશ મીણાની ફરિયાદ નોંધી આગળની તપાસ આદરી છે.

ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. દેવડા માનવેન્દ્રસિંહ હરિસિંહ,** ઉ.વ. ૧૮, વલાદ
- **સ્વ. દવે તીર્થ ચેતનભાઈ,** ઉ.વ. ૧૬, સેકટર-૨૩
- **સ્વ. જોષી પોપટલાલ જેઠાલાલ,** ઉ.વ. ૮૬, સેકટર-૨૭
- **સ્વ. રાઠોડ હંસાબા ગણપતસિંહ,** ઉ.વ. ૬૭, સેકટર-૭

ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસિયેશનના સિલેક્શન ટ્રાયલમાં ફેરફાર

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લામાં આંતર જિલ્લા ક્રિકેટ ટુર્નામેન્ટને અનુલક્ષીને ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિયેશન દ્વારા શહેરના ક-૭ નજીક હોટેલ ઘુંઘટ પાસે મધુવન ફાર્મ ખાતે સિલેક્શન ટ્રાયલનું આયોજન કરવામાં આવ્યું છે. આ સિલેક્શન ટ્રાયલ અંતર્ગત આગામી તા.૪ ડિસેમ્બર શનિવારના રોજ અન્ડર-૧૬ કેટેગરીનું સિલેકશન યોજાવાનું હતું તેને રદ કરીને તે હવે તા.૫ ડિસેમ્બર રવિવારના રોજ યોજાશે. આ ઉપરાંત તા.૫ ડિસેમ્બર રવિવારના રોજ અન્ડર-૧૪નું સિલેક્શન જે હવે તા.૪ ડિસેમ્બર શનિવારના રોજ યોજાશે તેવું ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિયેશનની અખબારી યાદીમાં જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સિલેક્શન ટ્રાયલમાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓ સફેદ ગણવેશમાં પોતાની કીટ સાથે સવારે ૮ વાગે સ્થળ પર ઉપસ્થિત થવાનું છે તેમજ સિલેક્શન ટ્રાયલ દરમ્યાન કોવિડ-૧૯ના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ ઉપરાંત ખેલાડીઓએ પોતાના આધારકાર્ડ, સ્કૂલ અથવા કૉલેજનું ફોટાવાળું બોનાફાઇડ સર્ટિફિકેટ ઓરિજનલ તથા ઝેરોક્ષ તેમજ બર્થ સર્ટિફિકેટ ઓરિજનલ તથા ઝેરોક્ષ વગેરે પુરાવા તરીકે સાથે લઈને આવવાનું રહેશે તેવું જિલ્લા ક્રિકેટ એસોસિયેશનની અખબારી યાદીમાં જણાવાયું છે.

કોબા ચાની કીટલી પાસે મેચ પર ઓનલાઈન સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર શહેરના નવા કોબા સ્થિત સર્વિસ માર્ગ પર આવેલી ચાની કીટલી પાસે બેસીને મોબાઈલ ફોનમાં ૧૧ સ્ટાર નામની સાઈટ થકી શ્રીલંકા-વેસ્ટ ઈન્ડીઝ મેચ પર ઓનલાઈન સટ્ટો રમતા સટ્ટોડીયાને રંગે હાથ પકડી પાડી વધુ તપાસ આદરી છે. જયારે પોલીસે સટ્ટોડીયાના ઓનલાઈન આઈડીની ચકાસણી કરતા ત્રણ લાખનું બેલેન્સ પણ ધ્યાને પડયું હતું.

સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પી.આઈ. પી.પી. વાઘેલાની સૂચનાથી ડી સ્ટાફના કર્મચારીઓ હાલમાં ચાલી રહેલી મેચો પર ક્રિકેટનો સટ્ટો રમતા ઈસમોને પકડી પાડવાની દિશામાં કાર્યરત હતા તે સમયે જમાદાર શેતાનસિંહ દશરથસિંહને મળેલ બાતમી અનુસાર નવા કોબાના પાટીયા સર્વિસ માર્ગ પર સ્ટાફના કર્મચારીઓ સાથે ટીમ ત્રાટકીને ચાની કીટલી પાસે સટ્ટો રમતા મિતુલ રાજેન્દ્ર પટેલ (રહે. સંત વિહાર સોસાયટી, રાહેજા રોડ-કોબા)ને રંગે હાથ ઝડપી લેવાયો હતો. પોલીસ દ્વારા સટ્ટોડીયાના ફોનની ચકાસણી કરવામાં આવતા ૧૧ સ્ટાર નામની સાઈટ પર પોતાના આઈડી દ્વારા શ્રીલંકા-વેસ્ટ ઈન્ડિઝ મેચ પર ઓનલાઈન સટ્ટો રમી રહ્યો હતો. ઈન્ફોસીટી પોલીસે સટ્ટોડીયા મિતુલ પટેલની ધરપકડ કરી રૂ. ૧૫ હજારનો મોબાઈલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા બોપલ સંસ્કારધામ ખાતે યોજાયો પ્રશિક્ષણ-વર્ગ

ત્રિદિવસીય વર્ગમાં ૧૫ વિષયો પર ૧૦૦થી વધુ શિક્ષકોનું થયું પ્રશિક્ષણ

ગાંધીનગર, તા.૨૪

બોપલમાં આવેલા સંસ્કારધામના શિક્ષકોની સક્ષ્મતા વધારવા માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ત્રિદિવસીય શિક્ષક પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટીના ૧૨ પ્રાધ્યાપકો દ્વારા ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના ૧૦૦થી વધુ શિક્ષકોને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ હર્ષદભાઈ શાહની પ્રેરણા અને માર્ગદર્શન તેમજ રજિસ્ટ્રાર ડૉ. અશોકભાઈ પ્રજાપતિની રાહબરીમાં ૧૫, ૧૬ તથા ૧૭ નવેમ્બરના રોજ આ સમ્રગ આયોજન થયું હતું. આ કાર્યક્રમના સંયોજક તરીકે ડૉ. કુણાલ પંચાલે જવાબદારી નિભાવી હતી. પહેલા દિવસે વિદ્યાલયના વિકાસમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પ્રદાન અંગેની વાત ડૉ. કુણાલ પંચાલે કરી. શિક્ષકો માટે નવી શિક્ષણનીતિના ફાયદા અને તેનો અમલ કેટલો જરૂરી છે, તે અંગે ડૉ. મિનલબા જાડેજાએ રજૂઆત કરી હતી. વિદ્યાર્થી શીખે છે, શિક્ષક શીખવે છે, ત્યારબાદ તે લર્નિંગની પ્રક્રિયામાં મૂલ્યાંકન ખૂબ જ મહત્ત્વનો મુદ્દો છે ત્યારે અધ્યેતાનું સાચું મૂલ્યાંકન કઈ રીતે કરી શકાય તે અંગે ડૉ. સંજય ગુમાએ વાત કરી હતી. બીજા દિવસે ગણિતને સરળતાથી ભણાવવા અંગે ડૉ. મહેશ જારિયા, વિજ્ઞાન ભણાવવાની સરળ પદ્ધતિઓ વિશે ડૉ. પાર્થવીબેન ડામોર તથા ગુજરાતી ભાષાનું અસરકારક વ્યાકરણ અને તેની સક્ષ્મતા વધારવા સંબંધિત વાત ડૉ. સંજય પટેલે કરી હતી. 'વર્ગને સ્વર્ગ કેમ બનાવી શકાય' આ વિષય પર પ્રો. રણજિતસિંહ પવારે પોતાની વાત રજૂ કરી. શાળાશિક્ષણ, સમાજ - આ બધા જો એક સિક્કાની બે બાજુ હોય તો, સંસ્થા અને સમાજ પ્રત્યેની વ્યક્તિગત ફરજો કેવી હોવી જોઈએ, આ વિષય પર ડૉ. નરેન્દ્ર વસાવાએ પોતાની વાત રજૂ કરી હતી. બધા જ પ્રકારની સુવિધાઓ હોય છતાં પણ વિદ્યાલયમાં જોઈએ તેવું ભાવાવરણ ન હોય તો શા કામનું? આવા વાતાવરણનિર્માણ અંગે ડૉ. રૂપમ ઉપાધ્યાયે વાત રજૂ કરી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કેમ્પસ ડાયરેક્ટર હિરેનભાઈ પરીખ તેમજ કેમ્પસની તમામ શાળાના આચાર્યોએ જહેમત ઉઠાવી હતી.